સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

'થશે ન્યાય' એવો કાયદાને ય વિશ્વાસ નથી!
સચવાસે ગુન્હેગારો કોઇનેય વિશ્વાસ નથી!
વિશ્વાસ નથી કોઇને કોઇના પર આ તંત્રમાં -
આ તંત્ર પર તો અમેરિકાને ય વિશ્વાસ નથી!
('હેડલી નહિ મળે..')

હાઈકુ

સત્તા રેસમાં,
વડા'પદનો ઘોડો
દોડે આગળ..
(સર્વેક્ષણ, મોદી ૪૯%)
રાહુલ ૪૨%

આયોજનમાં
'નર્મદા નીર કેનાલે' -
પડે ગાબડાં..
(સૌરાષ્ટ્ર તરસ્યું)

ચિંતન

શિલા બાલા જાતા ચરણરજસા યત્કુલશિશોઃ ક્ષ એ વાયં સૂર્ય સપદિ નિજપાદૈગિરિ શિલામ્ ।
સ્પૃશ્યન્ભૂયો ભૂયો ન ખલુ કુરૂતે કામપિ વધૂં કુલે કશ્ચિદ્ધન્યઃ પ્રભવતિ નરઃ શ્લાઘ્યમહિમા ॥

સુભાષિત રત્ન ભાંડાગારના 'સજ્જન પ્રશંસા' નામના બીજા અધ્યાયનો આ શ્લોક છે :

'જેના કુળના બાળકના ચરણ રજથી જ શિલા (અહલ્યા) પણ સ્ત્રી બની ગઇ, એ કુળના મુખ્ય પુરૂષ (સૂર્યવંશી) સૂર્ય જાતે - પોતે જ જો પોતાના ચરણની રજ (સૂર્ય-કિરણ) થી જ એ પર્વત શિલાનો વારંવાર સ્પર્શ કરે તો પણ તે કોઇ શિલાને સ્ત્રીમાં પરિવર્તીત કરી નથી શકતો, માટે જ કુળ ને ધન્ય છે અને વખાણવા લાયક છે કે કોઇ મહાન એક પુરૂષ આવા કુળમાં જન્મ લે છે.'

કુળમાં એક કુળ દીપક પેદા થાય તો આખા કુળનું નામ રોશન થઇ જાય છે, ગાંધીજી, સરદાર પટેલ, કલામ, ડો. રાધાકૃષ્ણ જેવા મહાન માણસો એ તેમનાં કુળની, રાષ્ટ્રની ઓળખ થઇ ગયા.

અહીં મર્યાદા પુરૂષોત્તમ રામનું દૃષ્ટાંત આપ્યું છે. સૂર્યવંશના રાજા, આખા સૂર્યવંશનું નામ ઉજ્જવલ કર્યું. પરિવાર-કુળ-વંશમાં પેદા થતા વિદ્વાન-વીર-કલાકાર- ભલે એક જ પેદા થાય પણ આખા કુળનો 'દીપક' બની જાય છે.

સુવિચાર

- કેટલાંય યુદ્ધ એવાં હોય છે, જેમા હાર એજ વિજય - **ગાંધીજી**
- પ્રલોભનની દરેક ક્ષણનો સામનો કરવો એ એક વિજય બરાબર જ છે - **ફ્રેબર**
- દરેક બાબતમાં 'વિજય' આનંદપ્રદ અને મૂલ્યવાન હોય છે - **બ્લાકિલ્સ**
- એક મહાન અને ભવ્ય વિજય એ છે કે પોતાના મન પર વિજય મેળવો - **સ્વામી અવધૂતાનંદ**
- સારા વિચાર ધરાવવા એ આંતરિક સૌંદર્યની નિશાની છે - **સ્વામી રામતીર્થ**
- વિજય સંજોગવસાત્ મળી જાય એ પ્રયત્નપૂર્વક પોતાના કૌશલ્યથી, પણ વિજય એ વિજય છે - **બોસ્ટોલ**
- દરેક માતા એવું જ ઇચ્છે કે પોતાના પુત્ર 'શ્રવણ' બને પરંતુ એ જ માતા, પત્ની તરીકે એવા પણ પ્રયત્ન કરતી રહે છે કે પોતાનો પતિ 'શ્રવણ' ન થઇ જાય!- **એસ. ભક્તાચાર્ય**

બોધ કથા

બધા કંઇ ઘર-સંસારનો ત્યાગ કરી સાધુ-બાવા નથી થઇ શકતા, જીવનનો હેતુ ઇશ્વર-ધર્મ-કર્તવ્યમાં 'ધ્યાન' રાખી જીવવાનો છે. પરંતુ આપણે જીવન ધ્યેય-હેતુ ચૂકી જઇ માત્ર અભ્યાસ-ડીગ્રી-કમાણી-કાર-બંગલા-ભોગ-મોજશોખમાં એવા ખોવાઇ જઇએ છીએ, આ બધું કરતાં કરતાં 'ઇશ્વર-ધર્મ' ને ભૂલી જઇએ એના તરફ ધ્યાન પણ જતું નથી. પરિમાણે આપણું પતન સાથે જીવન નિષ્ફળ થાય છે.

રામકૃષ્ણ પરમહંસ આ વાત સમજાવવા માટે એક સુંદર દૃષ્ટાંત આપતાં કહે છે :

તમે કુવામાંથી પાણી લઇ માથે હેલ કે બે-ત્રણ બેડાં-પાણી ભરેલાં લઇ જતી ચાર-પાંચના જૂથમાં ઘેર જતી સ્ત્રીઓને જોઇ છે?

એ પોતાની સાસુ, વર, નણંદના સ્વભાવની વાતો કરે છે. ઘર-પરિવાર-સમાજમાં બનેલી ચર્ચાસ્પદ વાતની પણ ચર્ચા કરે છે. એકમેકને હું કાર-મ્રન્ધો અને ટેકારૂપ વાતોમાં ગૂંથાયેલી જ હોય છે.

એમને માથાં પર પાણી ભરેલાં બેડાં નો જરાય ભાર નથી લાગતો, બેડાનું પાણી આડું-અવળું થઇ છલકાતું નથી. સમતોલપણું તો જરા પણ ગુમાવતી નથી, વાતો-ચર્ચા-ઉશ્કેરાટ સાથે પણ 'ધ્યાન' તો પાણી ભરેલાં બેડાં પર જ રાખે છે.

સંસારની દરેક પ્રવૃત્તિમાં પરોવાયેલાં રહીને પણ 'ધ્યાન' તો ઇશ્વર પર રાખતાં આવડવું જોઇએ..

વ્યક્તિ એકદમ નિખાલસ અને સમર્પિત હોય ત્યારે ખરા આનંદની પ્રાપ્તિ થાય છે

શ્રુતિ બંધનમ્
- ડો. બ્રિજ

આનંદ... આનંદ...!

વિશ્વના તમામ જીવોની અવિરત દોડ... મેળવવા - પ્રાપ્ત કરવા જ રહી છે. અબુધ સજીવ કરતાં બુધ્ધિતત્ત્વવાળું સજીવ વધારે ત્રસ્ત છે. એટલે કે માનવમાં બધું જાણ્યા પછી પણ આનંદની ખોજ બાબતે પ્રશ્નાર્થ . સૌ કોઇ આનંદ માટે મથે છે, કસ્તુરી મૃગના જેવી જ આ દોડ રહી છે. અંતરના ઊંડાણમાં ડોકિયું કરવાની આપણને ફુરસદ મળતી નથી અથવા તો આપણને વિશ્વાસ નથી. એટલે જ આપણે આનંદ નામના પર્વને વિસરી જઇએ છીએ.

સૂરજ રોજ ઉગે છે. પ્રકાશનું પહેલું કિરણ પક્ષીઓને આનંદિત કરે છે, આપણે એ ક્ષણ ચૂકી જઇએ છીએ. પક્ષી એકની એક બાબત હોવા છતાં આનંદ પામે છે. તેનો કલરવ નિતનવા રાગ ફેલાવે છે. તેને આનંદ છે. બસ સૂરજ ઉગ્યાની ખુશહાલી છે. તેને પૂરા ખંતથી ઉજવી દેવાની ખેવના પંખી રાખીને બેઠું હોય છે. આપણે એક ક્ષણને ભૂતકાળ બનાવી દઇ તેમાંથી ફરીથી આનંદ મેળવવા શક્તિમાન રહેતા નથી. આપણે બુધ્ધિશાળી ખરાને એટલે...

સૂરજ રોજ ઉગે એમાં વળી શું?
ચાંદો નાનો મોટો થાય એમાં શું?
તારા તો રોજ રાત્રે આકાશે હોય જ એમાં શું?

અરે ભાઇ, પ્રકૃતિ - પ્રકૃતિનું કામ કરે આપણે આપણું કામ કરવાનું. અને આવું બધું લખવાનું - વિચારવાનું કવિઓ - લેખકોને, પોસાય બધાંને થોડું પોસાય? આવાં બધાં વર્ણનો કરતાં સીધુંને સટ આપણે માણસ છીએ પશુ-પંખી થોડાં છીએ...! માણસ કે સજીવને આનંદ મળે તો એ ઝૂમી ઉઠે છે પણ આનંદ ક્ષણો કેવી રીતે મળે તેની સમજ પડતી નથી. આ સમગ્ર પૃથ્વીની રચના સર્જન કુદરતે આશયપૂર્વક કર્યું હશે. અસંખ્ય જીવસૃષ્ટિ - પ્રાણીસૃષ્ટિની સાથે નદી-સરોવર-પર્વત સાગર આ બધું જ કંઇ અમસ્તુ નહીં હોય. વિજ્ઞાને ઘણું બધું સાબિત કર્યું છે કે કુદરતની તમામ વસ્તુઓ એક બીજા પર નિર્ભર છે. નદીને સાગર સમાવે અને એજ સાગર વરસાદનાં વાદળો બનાવે. ખરેખર એકબીજાને સમાવી લેવામાં અને બીજામાં સમાઇ જવામાં કુદરત રાજી હોય તેવું નથી લાગતું? ચોક્કસપણે જ જવાબ દિલમાં ફટાક દઇને બેસી જાય એ સાચું. કુદરત સમાનતાથી રાજી, સહકર્મથી રાજી, સહધર્મથી રાજી. એકરૂપતા અને સદાકાળ પ્રેમભર્યુ કુદરતને ગમે...!

કુદરતે રચાવેલી સૃષ્ટિમાં ખરેખરો આનંદ મેળવતાં - મેળવતાં જે જીવો વિહરી રહ્યાં છે તે કુદરતને અતિ પ્રિય હોય છે. આનંદની આપલે, આનંદની લૂંટાલૂંટ એ કંઇ અમસ્તી ન હોય. વ્યક્તિ એકદમ નિખાલસ અને સમર્પિત હોય ત્યારે ખરા આનંદની પ્રાપ્તિ થાય છે. હમણાં મકરસંક્રાતિ ગઇ. આ તહેવાર નર્યા આનંદનો તહેવાર છે, પતંગને ઉડાવવાની, તેની સામે એકીટશે જોઇ રહેવાની, પતંગની હરકતોથી ખુશી મેળવવાની ક્ષણો ખરેખર આનંદ - આનંદ પ્રગટ કરે છે. વ્યક્તિનું દુઃખ ક્ષણિકવાર દૂર હડસેલાઇ જાય અને આનંદ-ઘટના આકાર સજે. વ્યક્તિ ગઇકાલને ખરેખરી ભૂતકાળ બનાવે અને વર્તમાનના નવા રંગોમાં ખોવાઇ જાય એ ઘટના એ આનંદ ક્ષણો...!

વ્યક્તિ - વ્યક્તિએ આનંદનાં સ્વરૂપો પણ અલગ હોઇ શકે. કારણ કે ઇશ્વરે દરેક મનુષ્ય આગવો બનાવ્યો છે. એટલે સ્વાભાવિક રીતે તેની આનંદ ક્ષણોમાં વિવિધતા હોઇ શકે. પરંતુ કેટલીક ક્ષણો જે હર કોઇને આનંદ અપાવે જ અપાવે...! એવું લીસ્ટ કરવું હોય તો... શોધીએ થોડી ક્ષણોની ઘટના...!

- હૃદયમાં સ્થપાઇ ગયેલા અંગત વ્યક્તિનું સ્મરણ.
- બાળકનાં મનમોજી તોફાન.
- કુદરત - પ્રકૃતિનાં સૌંદર્ય સ્થાનોનું દર્શન.
- એવું કામ જેમાં અંદરથી - અંતરના ખૂણેથી આહ્લાદકતા અનુભવાય...!
- કોઇ ગમતાં વ્યક્તિનો મેળાપ, મિલન.
- ભૂતકાળની આનંદ ક્ષણોને યાદ કરવી.

આટલી બાબતોમાં લગભગ આપણી આનંદ ક્ષણો છૂપાયેલી હોઇ શકે. તેમાં વૈવિધ્ય હોઇ શકે પણ સ્વરૂપ બાબતે આથી વિશેષ કદાચ ન પણ હોય...! આમ તો એક ચુંબનમાં પણ તફાવત છે. બાળકને કરેલું ચુંબન અને પ્રિયતમાને કરેલા ચુંબનમાં ફરક હોય જ...! પરંતુ બંને આનંદ ક્ષણ છે એ નક્કી. પ્રકૃતિની બાબતમાં પણ એવું બની શકે કોઇને પર્વત - કોતર - ખીણો ગમે - અને કોઇને નદી - સાગર - ઝરણાં ગમે. વ્યક્તિની વ્યક્તિગત ભિન્નતાવાળી પસંદ - નાપસંદ હોવા છતાં આનંદ ક્ષણો છે છે અને છે જ...!

આનંદ ક્ષણોનું તો ખરૂં કૌતુક છે. આભલે ભરેલા તારલિયા જેટલી આનંદ ક્ષણો... મારી તમારી - સૌની તહીં વિખરાયેલી પડી છે. 'ધૂની' માંડલિયાના કાવ્યનાં જેવાં કૌતુક આનંદક્ષણો માટે વિચારી શકાય...

'એક વ્યક્તિ પણ અહીં ટોળું બને એવું બને,
ને ચીંથરૂં ક્યારેક ઘરચોળું બને એવું બને!
કાગતો હિંમત કરીને ચાંદનીમાં જો ઊડે,
તો પીચ્છ એકાદું પછી ધોળું બને એવું બને
એક સાથે સહુ હરણ ન્હાવા પડે,
તો શક્ય છે કે ઝાંઝવાનું જળ પણ ડ્હોળું બને!
રૂપ જાજરમાન સામે હોય બેઠું
તો તો પછી વેંતનું દર્પણ પણ પહોળું બને!'

આંખમાં અચરજ આંજી દે, ખૂશીનો સૂરમો આંજી દે, દિલમાં હળવી લહેર દોડી જાય, તન-બદનમાં રોમાંચ પ્રસરી ઊઠે, કહો ને ચહેરો ફુલનું રૂપ સજે ત્યાં આનંદ ક્ષણ હોવી જોઇએ. એના વગર આવું શક્ય નથી. સમયમાં કેટલુંય અવનવું ભર્યાં કરે છે. ધર્મથી માંડી ધંધા સુધી, વચનથી માંડી વૈમનસ્ય સુધી, આંખમાં લઇ આકાશ સુધી એટલાં પરિવર્તનો બાઝ્યાં છે કે માણસે આનંદ મેળવવા જવું ક્યાં?! વસ્તુ - વ્યક્તિ કે કુદરત?!

સ્વીટ રેઇન :
બધું છોડીને એકવાર
આનંદ ખોળવાને મથજો તો ખરા
આપોઆપ "આનંદ ક્ષણ" આપના હાથ પંપાળશે

- સ્વગતઃ

ખુલ્લા દિલે કોઇના વખાણ કરવાની વાત તો દૂર રહી પરંતુ અણગમતા વ્યક્તિને ગાળો આપવાની પણ હિંમત ગુમાવી ચૂકયા છીએ...

વિચાર યાત્રા
- જય ઓઝા

મહેનત કી લૂટ સબસે ખતરનાક નહીં હોતી
પુલિસ કી માર સબસે ખતરનાક નહીં હોતી
ગદ્દારી - લોભ કી મુઠ્ઠી સબસે ખતરનાક નહીં હોતી
બૈઠે બિઠાયેં પકડે જાના - બુરા તો હૈ
સહમી સી ચુપ મેં જકડે જાના બુરા તો હૈ
પર સબસે ખતરનાક હોતા હૈ...
મુર્દા શાંતિ સે ભર જાના.
ન હોના તડપ કા સબબ સહન કર જાના
ઘર સે નિકલના કામ પર
ઔર કામ કે નિકલકર લૌટકર ઘર જાના
સબસે ખતરનાક હોતા હૈ
હમારે સપનો કા મર જાના
સબ સે ખતરનાક વો આંખ હોતી હૈ
જો સબ કુછ દેખતી હુઇ ભી જમી બર્ફ હોતી હૈ
જિસકી નજર દુનિયા કો મુહબ્બત સે ચૂમના ભૂલ જાતી હૈ
જો રીજો સે ઉઠતી અંધેપન કી ભાપ પર ઢુલક જાતી હૈ
સબ સે ખતરનાક વહ દિશા હોતી હૈ
જિસ મેં આત્મા કા સૂરજ ડૂબ જાયેં
ઔર ઉસકી મુર્દા ધૂપ કા કોઇ ટૂકડાં
આપકે જિસ્મ કે પૂરબ મેં ચૂભ જાયે

- 'પાશ'

અવતારસિંહ સંધૂ

સૌથી ખતરનાક શું છે? બધું જાણતો હોવા છતાં ચૂપ બેસી રહેવું એ ખતરનાક છે, ભયંકર છે, માણસના ખતમ થઇ જવાનો નિર્ણય સમય નથી કરતો... સંજોગો નથી કરતા, માણસ પોતે જ પોતાના ખતમ થવા માટે જવાબદાર છે. હુમલો અને બચાવ બંને મનુષ્ય પોતે જ કરે છે.

રૂટિનમાં વ્યસ્ત અને ત્રસ્ત આપણે ઘરથી નોકરી ને નોકરીથી ઘરની દડમજલમાંથી બીજું કાંઇ વિચારવા લાયક રહેતા નથી. આ આપણી રચનાત્મકતાનું મૃત્યુ નથી તો શું છે?

જોબ - સેટિસ્ફેકશન નથી. પણ પૈસા મળે છે એટલે જ કામ કરીએ છીએ એને ગમાડીએ છીએ... ગમતું કામ કરવાનું બાજું પર રહી જાય છે...

ક્યાં ખોટું થઇ રહ્યું છે તે જાણતાં હોવા છતાં આંખ આડા કાન કરી કરીને જીવે રાખવાનો કસબ આપણે હસ્તગત કરી લીધો છે... ખુલ્લા દિલે કોઇના વખાણ કરવાની વાત તો દૂર રહી પરંતુ અમગમતા વ્યક્તિને ગાળો આપવાની પણ હિંમત ગુમાવી ચૂકયા છીએ... કચવાતા જીવે કોચલામાં ફીટ થવાના યત્નમાં જીવન પુરૂ કરી નાંખીએ છીએ...

દુર્ભાગ્યવશ આપણે એ જ ચશ્મા પહેરીને આખી જિંદગી વિતાવી દઇએ છીએ જે આપણને પહેરવવામાં આવે છે, આપણે એ જ જોઇએ છીએ જે આપણને દેખાડવામાં આવે છે.

આપણી આગવી સૂઝ, આગવી ઓળખ ગુમાવી ચૂકેલા નૂર ખોઇ ચૂક્યા છીએ... રાજકારણી જુઠ્ઠા છે. સફેદ બગલા જેવા છે... મીડિયાની અંદર ૨૪ કલાક ન્યૂઝ ચેનલ ચલાવવા માટે જે મસાલો બતાવાય છે, તે બકવાસ છે, બોગસ છે. પણ આપણા દેશમાં આ બધું થવું શક્ય છે... કારણ કે થોડી ઘણી કાગારોળ કરી શાંતિથી બેસી જવાવાળા ભસતા કૂતરા જેવા થઇ ગયા છીએ... જે કોઇદિવસ કરડતા નથી...

પાકિસ્તાનને ફૂંકી મારવાની વાત કરવાવાળા ચાર જુવાનિયા પાનના ગલ્લે મસાલાની પિચકારી મારતા ચર્ચાના ચકડોળે ચડે છે... અને આ દૃશ્ય દેશની દરેક ગલીના છે...

શહીદ હેમરાજની ક્રૂર શહાદત પર સિસકાર નીકળી જાય છે... પરંતુ બસ બીજું આગળ કશું સૂઝતું નથી... ગુસ્સો આપણને બધાને આવે છે પરંતુ આપણે આપણામાંથી કોઇ દિવસ ઊંચા આવતા નથી અને કોઇ દિવસ આવશું પણ નહીં... આ આપણો સ્વભાવ બની ગયો છે...

એક સર્વે પ્રમાણે માણસ જયારે ક્રોધમાં હોય ત્યારે આપણા એડ્રિનલ ગ્લેન્ડસ આપણી અંદર દારૂ જેવી માદક વસ્તુ ફેલાવી દે છે અને આપણે ઉત્તેજિત થઇ જઇએ છીએ... ગુસ્સો આવે છે... આંખ લાલ થઇ જાય છે... નસકોરા ફુલી જાય છે... જો આપણામાંના આ ગ્લેંડ્સ કાપી નાખવામાં આવે, નષ્ટ કરવામાં આવે તો માણસને કદી ક્રોધ આવે જ નહીં...

પાવલોવ નામક મનોવૈજ્ઞાનિકે કૂતરાં પર પ્રયોગ કરીને ધીરે ધીરે તેને રસી આપીને કૂતરાના એડ્રિનલ ગ્લેન્ડ્સ સમાપ્ત કરી દીધા... અને કૂતરૂં ભસતું બંધ થઇ ગયું...

ક્ષમા શોભતી ઉસ ભુજંગ કો જિસ કે પાસ ગરલ હો

આપણે કોઇ પણ રસી વગર ક્રોધવિહીન થઇ ગયા છીએ... આ ખતરનાક છે... જે વ્યક્તિ ક્રોધ ન કરી શકે તેનું ગૌરવ નથી રહેતું, તેનાં વ્યક્તિત્વમાં કોઇ ચમક નથી રહેતી, એ ફક્ત અસમર્થ હોય છે...

આપણને લપડાક મારનાર ગુસ્તાખ નરપીશાચોને અમેરિકા આપણા વતી વટે શું તેમાં આપણું શૌર્ય છે? નાના બાળકની જેમ કાગારોળ મચાવીને પાકિસ્તાનને દુનિયામાંથી કેવી વટ પડે છે, તેનાથી સંતોષ માનીએ છીએ... હેડલીને અમેરિકાથી ભારત લાવી શકતા નથી... અફઝલ ગુરૂને ફાંસી આપી શકાતી નથી...

"હાફીઝ સઇદ સાહબ" જેવા સંબોધનો તકવાદી રાજકારણીઓ કરે છે... સમયસર ગુસ્સો ન દેખાડીને કાયરમાં ખપીએ છીએ... પણ પાછા કાયરતાને અહિંસકતામાં ખપાવીએ છીએ... શું પાવલોવના પોમેરીયન કૂતરા જેવું તો વર્તન નથી થઇ રહ્યું ને!

ક્ષમા શોભતી ઉસ ભુજંગ કો
જિસ કે પાસ ગરલ હો
ઉસ કો ક્યોજો દન્તહિન વિષરહિત સરલ હો...

માફી કોઇ શક્તિશાળી આપે એ યોગ્ય છે... ૧૯૮૮માં આ કવિતા લખનાર કવિ 'પાશ' ગોળીથી વિંધાઇ ગયા પરંતુ તેમની આ રચના આજે પણ આપણા બહેરા કાનો પર દસ્તક મારી રહી છે...

વિઠ્ઠલભાઈ લાગણીસભર, શાંત અને સૌમ્ય વ્યક્તિત્વ ધરાવતા માણસ છે, તેમનો ઉમદા સંદેશ સૌ માટે પ્રેરક બની રહે તેવો છે

'કોઈપણ ક્ષેત્રમાં પ્રગતિ પાછળનો મૂળ મંત્ર સખત મહેનત, દૃઢ નિર્ધાર અને પ્રમાણિકતા જ હોય છે.' યુવા મિત્રોને માટે પ્રેરક શબ્દો કહ્યાં છે. ઉદ્યોગકાર અને હરહંમેશ મળવા જેવા માણસ શ્રી વિઠ્ઠલભાઈ ઝાલાવાડિયા. જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના થાનીયાણા ગામે તા. ૨૩-૮-૧૯૪૬ના રોજ જન્મેલા વિઠ્ઠલભાઇને પિતા સ્વ. શ્રી સવજીભાઈ અને માતા સ્વ. શ્રીમતી સંતોકબહેન પાસેથી જીવન ઘડતરના પાઠ મળ્યાં છે.

અનેક સુંદર વિચારોના માલિકશ્રી વિઠ્ઠલભાઇની ચિંતા સકારણ છે. તેઓ દૃઢ રીતે માને છે કે, ગામડામાં વાજબી છતાં ઉચ્ચ શિક્ષણ, મેડિકલ સુવિધા વધુને વધુ પ્રાપ્ત થાય. તે આજે અનિવાર્ય છે. શ્રી વિઠ્ઠલભાઇએ બી.ઈ. મિકેનિકલ એન્જિનીયરીંગનો અભ્યાસ મુંબઇમાં કર્યો છે. તેઓએ તા. ૯-૧૨-૧૯૭૨ના રોજ ઉપલેટા (જિ. રાજકોટ) ખાતે શ્રીમતી બેનાબહેન સાથે લગ્નજીવન યાત્રાનો પ્રારંભ કર્યો હતો. શ્રીમતી બેનાબહેન પણ બી.એ. સુધી ભણી દિક્ષિત અને શિક્ષિત છે. દંપતિને બે પુત્રો જયેશભાઈ અને સમીરભાઈ છે. બંને પુત્રો વ્યવસાયમાં સાથે રહી પિતાના આદર્શ મુજબ કામ કરે છે.

કમ્પ્યુટર યુગ વિશે વિઠ્ઠલભાઈ મંતવ્ય આપતા કહે છે કે, આજના જમાનાની અત્યંત અનિવાર્ય જરૂરિયાત છે. જેમાં ઉમર સાથે સંકલન હોવું જરૂરી છે. વાંચન માટે મર્યાદિત સમય મેળવતા તેઓશ્રી

'સાંપ્રત સમયમાં શ્રેષ્ઠ મનુષ્યત્વ જ જરૂરી છે'
ઉદ્યોગકાર વિઠ્ઠલભાઈ ઝાલાવાડિયા



મોંઘેરા મોતી
- નટવર આહલપરા

ટી.વી. સીરીયલ જોવામાં રસ નથી. વર્ષમાં એકથી બે જે ધાર્મિક પ્રસંગ હોય ત્યારે તેઓ એકટાણું કરી લે છે. જાતે પાઠ - પૂજા કરતા વિઠ્ઠલભાઈ સ્વદેશ - વિદેશમાં ઔદ્યોગિક હેતુસર પ્રવાસ કર્યો છે અને તેમાંથી તેઓને ઘણું શીખવાનું મળ્યું છે. કોઈ સંસ્થા સાથે ચોક્કસ રીતે સંકળાવા કરતા સર્જનાત્મક કાર્યો કરવામાં સંતોષ અને આનંદ માણતાં શ્રી વિઠ્ઠલભાઈએ એક યાદગાર અકસ્માત પ્રસ્તુત કરતાં કહ્યું હતું કે, વર્ષ ૧૯૭૨ની ઘટના છે. ચારેબાજુ અતિશય વરસાદ હતો. ટ્રેનમાં રાજકોટથી મુંબઈ જવાનું હતું. રેલવે સ્ટેશને જાહેરાત થતી હતી કે, ટ્રેન જ્યાં સુધી જશે ત્યાં સુધી જશે. અમે મિત્રો વડોદરા પહોંચ્યાં. બારે મેઘ ખાંગા થયા હતા. સાંબેલાધાર વરસાદ વરસતો હતો. વડોદરા સ્ટેશનમાં ગોઠણ સુધી પાણી. એ સમયના મુખ્યમંત્રી શ્રી સ્વ. હિતેન્દ્રભાઈ દેસાઈ વડોદરા સ્ટેશને પેસેન્જરોની સંભાળ લેવા આવ્યાં હતા. પાંચ-સાત કલાક તો ભૂખ્યાં તરસ્યા ગાળ્યા પછી હિંમત કરી પાણીમાં ચાલી નજીકની લક્ષ્મી હોટેલમાં પહોંચ્યો હતો. લગભગ બાર કલાક આવી ચાતના વેઠી હતી. એ દૃશ્ય આજે ય હું ભૂલ્યો નથી.

ઈશ્વર, દેવ, ગુરૂ ગ્રંથ ઉપર સો ટકા વિશ્વાસ રાખનારા વિઠ્ઠલભાઈએ પોતાના ગામમાં જૂના જમાનામાં સ્ત્રીઓને લાજ કાઢવાના રિવાજને જાકારો અપાવવામાં સક્રિય ફાળો આપ્યો હતો. એક પ્રેરક અવતરણ આપતા તેઓએ એમ પણ કહ્યું હતું કે, "કુટુંબમાં તથા જીવનમાં સંસ્કારનું રોપણ તથા સંસ્કારનું અનુકરણ અતિ જરૂરી અને અનિવાર્ય છે, શિક્ષણ ખૂબ જ જરૂરી છે. પણ સાથે સંસ્કાર અને ચારિત્ર્ય એટલા જ જરૂરી છે અને અનિવાર્ય પણ છે. તેના લીધે જ જીવનમાં સફળતા મળે છે."

શ્રી વિઠ્ઠલભાઇ લાગણીસભર, શાંત અને સૌમ્ય વ્યક્તિત્વ ધરાવતા માણસ છે. તેમનો ઉમદા સંદેશ સૌ માટે પ્રેરક બની રહે તેવો છે. આજે માતા-પિતાએ બાળકોને શિક્ષણ આપી તેઓ મશીનમાંથી પૈસા પેદા કરે. તેવા ન બનાવવા જોઈએ. પણ તેઓ શ્રેષ્ઠ મનુષ્ય બને તે જરૂરી છે.

શ્રી વિઠ્ઠલભાઇને ફોટોગ્રાફીનો શોખ હતો. તેઓ ભારતીય સંગીત સાંભળવા ઊંડો રસ ધરાવે છે. તેઓનું વ્યવસાય સંકુલ ગુડવીલ કન્ઝયુમર, શ્રીજામાળે, સિલ્વર ચેમ્બર્સ, ટાગોર રોડ, રાજકોટ ખાતે છે. તેમાં તેઓ મેનેજિંગ પાર્ટનર તરીકે કાર્યરત છે.

ગિજુભાઈ બધેકાએ કહ્યું હતું કે, 'તમારી સામે જીવનમાં કોઈ આદર્શ છે? જો જવાબ હા છે, તો તમે જીત્યા છો.'

અનેક સંઘર્ષ વચ્ચે ઉભરી આવેલા શ્રી વિઠ્ઠલભાઈને અનેકાનેક શુભેચ્છાઓ, અભિનંદન.

તેમનો મોબાઈલ નંબર ૯૮૨૫૦૭૯૨૩૨ છે.

આજના દિવસનો મહિમા
- **ભાનુપ્રસાદ એસ. દવે**

૨૯મી જાન્યુઆરી



- **તસ્વીર આલેખનનાં અગ્રગણ્ય સર્જક, ભારતીય કલા સંસ્કૃતિના પુરસ્કર્તા, સર વિલિયમ રોધેન્સ્ટાઇનનો જન્મ ૨૯-૧-૧૮૭૨.**
- **જહાંગીરના દરબારમાં સર ટોમસ રોમી મુલાકાત. તેમનું ભવ્ય ભીંતચિત્ર - કાયમી સંભારણું.**
- **૧૯૩૯ - કલકત્તામાં રામકૃષ્ણ મિશનની સ્થાપના.**
- **૧૯૭૨ - ઉકાઇ જળાશય બંધનું ઇન્દિરા ગાંધીએ ઉદ્ઘાટન કર્યું.**

- **૧૯૨૦ - હિંદ પર સત્તા જમાવનારા - ઇંગ્લેન્ડ પર ૬૦ વર્ષ રાજ કરનારા ઇંગ્લેન્ડના રાજા જોર્જ ત્રીજાનું અવસાન.**